Extra No. 41

REGISTERED NO. G/GNR/2

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

VOL. XLII] MONDAY, APRIL 30, 2001/VAISAKHA 10, 1923

**Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.**

## PART- IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other Parts.**

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ
સચિવાલય, ગાંધીનગર
તારીખ : ૩૦મી એપ્રિલ, ૨૦૦૧

તારીખ : ૩૦મી એપ્રિલ, ૨૦૦૧ના ગુજરાત રાજપત્ર, ભાગ-૪ (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા સન ૨૦૦૧ના ગુજરાત વટહુકમ ક્રમાંક :-૪નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂં પ્રસિધ્ધ કર્યો છે.

ડી. ડી. ઉપાધ્યાય,
સરકારના નાયબ સચિવ.

**પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ**

સચિવાલય, ગાંધીનગર,

તારીખ : ૩૦મી એપ્રિલ, ૨૦૦૧

**GUJARAT ORDINANCE NO. 4 OF 2001.**

***AN ORDINANCE***

***further to amend the Gujarat Panchayats Act, 1993.***

**સન ૨૦૦૧નો ગુજરાત વટહુકમ ક્રમાંક. ૪.**

**ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ વધુ સુધારવા બાબત વટહુકમ.**

ગુજરાત રાજ્યની વિધાનસભાનું સત્ર ચાલુ નથી;

સન ૧૯૯૩નો ગુજરાતનો ૧૮મો. અને ગુજરાતના રાજ્યપાલને એવી ખાતરી થઇ છે કે ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ સુધારવા માટે તાત્કાલિક પગલાં લેવાનું તેમને માટે જરૂરી બનાવે તેવા સંજોગો પ્રવર્તે છે;

તેથી, હવે, ભારતના સંવિધાનની કલમ ૨૧૩ના ખંડ (૧)થી તેમને મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, નીચેનો વટહુકમ કરીને પ્રસિધ્ધ કરે છે :-

૧. **ટૂંકી સંજ્ઞા અને આરંભ.** – (૧) આ વટહુકમ ગુજરાત પંચાયત (સુધારા) વટહુકમ, ૨૦૦૧ કહેવાશે.

(૨) તે સન ૨૦૦૧ના મે મહિનાની ૧લી તારીખે અમલમાં આવશે.

સન ૧૯૯૩નો ગુજરાતનો ૧૮મો. ૨. **સન ૧૯૯૩નો ગુજરાતનો ૧૮મો અધિનિયમ હંગામી રીતે સુધારવા બાબત.**-- આ વટહુકમના અમલની મુદત દરમિયાન, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (જેનો આમાં હવે પછી 'મુખ્ય અધિનિયમ' તરીકે ઉલ્લેખ કર્યો છે તે) કલમો ૩થી ૬માં નિર્દિષ્ટ કરેલ સુધારાને અધીન રહીને અમલમાં આવશે.

૩. **સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા અધિનિયમની કલમ ૨નો સુધારો.**-- મુખ્ય અધિનિયમમાં, કલમ ૨માં, ખંડ (૧૩) કમી કરવો.

૪. **સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા અધિનિયમની કલમ ૨૦૦નો સુધારો.**-- મુખ્ય અધિનિયમમાં, કલમ ૨૦૦માં, પેટા-કલમ (૧)માં, ખંડ (૨) કમી કરવો.

૫. **સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા અધિનિયમની કલમ ૨૦૨નો સુધારો.**-- મુખ્ય અધિનિયમમાં, કલમ ૨૦૨માં,--

(ક) પેટા-કલમ (૧)માં, "અથવા ઓકટ્રોય વસૂલ કરવા માટે" એ શબ્દો કમી કરવા;

(ખ) પેટા-કલમ (૩)માં, "યથાપ્રસંગ, ફી અથવા ઓકટ્રોય" એ શબ્દો જે બે જગ્યાએ આવે છે, ત્યાં તેને બદલે, "ફી" એ શબ્દ મૂકવો;

(ગ) પેટા-કલમ (૪)માં, "યથાપ્રસંગ, એવી કોઈ ફી અથવા ઓકટ્રોય" એ શબ્દોને બદલે, "એવી કોઈ ફી" એ શબ્દો મૂકવા.

૬. **સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા અધિનિયમની કલમ ૨૧૬ કમી કરવા બાબત.**- મુખ્ય અધિનિયમમાં, કલમ ૨૧૬ કમી કરવી.

## નિવેદન

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ની જોગવાઈઓ હેઠળ ગ્રામપંચાયતોને ઓક્ટ્રોય તરીકે ઓળખાતો વેરો લેવા અને વસૂલ કરવા અધિકૃત કરેલ છે.

તેનાથી જનતાને બિનજરૂરી હાડમારી અને મુશ્કેલી પડતી હોવાથી ઓક્ટ્રોય નાબૂદ કરવા માટે સમાજના જુદા જુદા વર્ગો તરફથી સરકારને રજૂઆત થયેલ છે. ઉપર્યુક્ત હકીકતોને ધ્યાનમાં લઈને, સરકારે, ગ્રામ પંચાયતો દ્વારા લેવાતી ઓક્ટ્રોય નાબૂદ કરવા નિર્ણય કર્યો છે. તેથી, સદરહુ અધિનિયમની ઓક્ટ્રોય સંબંધી વિદ્યમાન જોગવાઈઓ તેટલે અંશે સુધારવાનું જરૂરી જણાયું છે.

ગુજરાત વિધાનસભાનું સત્ર ચાલુ ન હોવાથી ઉપર્યુક્ત ઉદ્દેશો સિદ્ધ કરવા સદરહુ અધિનિયમ સુધારવા માટે આ વટહુકમ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

ગાંધીનગર,
તારીખ : ૩૦મી એપ્રિલ, ૨૦૦૧.

**સુંદરસિંહ ભંડારી,**
ગુજરાતના રાજયપાલ.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

**નારાયણ વી. મોદી,**
સરકારના સચિવ.

---

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.